

નગરયાત્રા : ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે ચાલી રહેલા અમૃતવર્ષા મહોત્સવ અંતર્ગત આજે બપોરના સુમારે અમૃતવર્ષા નગરયાત્રા યોજાઈ હતી. જેમાં હજજારો હરિભક્તો ભાઈ-બહેનો જોડાયા હતા. બપોરે મંદિરથી નીકળેલી ભવ્ય નગરયાત્રા શહેરમાં વિવિધ માર્ગો પર ફરીને આકર્ષણ જમાવ્યુ હતુ. જેમાં ૪ ટેબ્લો, ૬૦ ગાડી અને ૧૦૦થી વધુ ટુ વ્હીલર્સ લઈને હરિભક્તો જોડાયા હતા.

# મહિલાઓ દરેક પડકારને ઝીલી શકે છે : ડૉ. જયંતિ રવિ

**રોટરેક્ટ ક્લબ આયોજિત 'શક્તિ-૨૦૧૭'ના ઉદ્‌ઘાટન પ્રસંગે ડો. જયંતિ રવિનું પ્રેરક પ્રવચન : સ્મિત આંતરરાષ્ટ્રીય ભાષા છે : હિમાંશુ બુચ**

ગાંધીનગર, તા. ૨૩

રોટરેક્ટ ક્લબ આયોજિત 'શક્તિ-૨૦૧૭' કાર્યક્રમનો પ્રારંભ કરાવતા રાજ્યના આરોગ્ય અને તબીબી સેવાઓ વિભાગના કમિશનર ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું કે આજની મહિલાઓ પાસે અપાર શક્તિ છે તેનો સદુપયોગ કરાય તો દેશને વિશ્વમાં અગ્રણી સ્થાને લાવી શકાય તેમ છે. આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા



મેનેજમેન્ટ ટ્રેનર હિમાંશુ બુચે ખીચોખીચ ભરેલા વીપીએમપી હોલને અઢળકવાર ખડખડાટ હસાવતા જણાવ્યું હતું કે 'હાસ્ય તમારા મન, શરીર અને હૃદયને તાજુ કરે છે અને તમને યુવાન રાખે છે.' રોટરેક્ટ ક્લબ દ્વારા મહિલા સશક્તિકરણ આધારિત એક દિવસીય કાર્યક્રમ 'શક્તિ-૨૦૧૭'નું સેક્ટર-૧૫માં વીપીએમપી કોલેજના ઓડિટોરિયમમાં આયોજન કરાયું હતું.

શક્તિ-૨૦૧૭ના ઉદ્‌ઘાટન પ્રસંગે ડૉય જયંતિ રવિ અને લેખક રાજેશ પ્રણામી પણ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. જયંતિ રવિએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મહિલાઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે 'મહિલાઓ જીવનમાં અનેક ભૂમિકા ભજવે છે જેમાં માતૃત્વની ભૂમિકા સૌથી શ્રેષ્ઠ છે તેમણે સાંસદ આદર્શ ગામના એવોર્ડ વિજેતા પુંસરી ગામનું ઉદાહરણ આપી મહિલાઓને પ્રેરિત કર્યા હતા. મેનેજમેન્ટ ટ્રેનર હિમાંશુ બુચે સ્મિતને આંતરરાષ્ટ્રીય ભાષા ગણાવતા સ્મિત સૌને જોડે છે તેવુ કહ્યુ હતુ. તેમણે હોલમાં ઉપસ્થિત તમામને ખડખડાટ હસાવવા સાથે ઉપયોગી શિખ આપી હતી.

# કર્મચારી અગ્રણી વિરાભાઈ પટેલનું દુઃખદ અવસાન

**ગાંધીનગર સમાચારના મુખ્ય વિતરક તરીકે પણ તેમણે જવાબદારી સંભાળી હતી**

ગાંધીનગર, તા. ૨૩

નાગરિક પુરવઠા નિયામકની કચેરીના પૂર્વ કર્મચારી અગ્રણી વિરાભાઈ પટેલનું ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયુ છે.

સેક્ટર-૫માં રહેતા વિરાભાઈ પટેલ અખબાર વિતરણના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. પાટણ જિલ્લાના પિઠારપુર ગામના વતની વિરાભાઈ સાલસ સ્વભાવને લઈ સૌના હૃદયમાં આગવુ સ્થાન ધરાવતા હતા.



તેઓ તેમની પાછળ બે દિકરા અને એક દિકરી તેમજ પત્નીને વિલાપ કરતાં મુકી ગયા છે. તેમનો પુત્ર પરિમલ પટેલ માહિતી ખાતામાં ફરજ બજાવે છે તો બીજો પુત્ર કુણાલ પટેલ ડેન્ટલ સર્જન તરીકે સેવાઓ આપી રહેલ છે.

કારકુન તરીકે સરકારી સેવામાં જોડાયેલા વિરાભાઈ પટેલ છેલ્લે નાગરિક પુરવઠા વિભાગમાંથી મદદનીશ અન્ન નિયંત્રકના હોદ્દા પરથી વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા હતા. સ્વર્ગસ્થના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ અખબાર વિતરકો, પત્રકારો, કર્મચારીઓ અને વેપારી જગતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. તેઓ ગાંધીનગર સમાચારના ગાંધીનગરના મુખ્ય વિતરક તરીકેની જવાબદારી પણ સંભાળતા હતા.

# લાભ પાંચમથી અત્યાર સુધી ૨૬૬ કેન્દ્રો પરથી ૨૮૩ લાખ મણ મગફળી ટેકાના ભાવે ખરીદ કરતી રાજ્ય સરકાર

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના મગફળી પકવતા ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ગઈ લાભ પાંચમ ૨૫ ઓક્ટોબરથી રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ કરી છે. આ ખરીદી અન્વયે ૨૨ ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં રાજ્યભરમાં ૫૬ લાખ ૫૯ હજાર ૯૦ કવિન્ટલ એટલે કે ૨૮૩ લાખ મણ મગફળીની ખરીદી સરકાર દ્વારા થઈ છે.

રાજ્ય સરકારે પ્રતિ કવિન્ટલ નિયત કરેલા ટેકાના ભાવ ઉપરાંત કવિન્ટલ દીઠ ૫૦ રૂપિયા બોનસ આપી ૪૫૦૦ના ભાવે આ ખરીદી કરીને ૨ લાખ ૯૩ હજાર ખેડૂતોને કુલ ૨૫૪૬.૫૯ કરોડ રૂપિયાનો લાભ આપ્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, બોટાદ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, કચ્છ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, ભરૂચ, સુરત અને નર્મદા સહિત કુલ ૨૩ જિલ્લાના ૨૬૬ જેટલા કેન્દ્રો મારફત આ ખરીદી થઈ રહી છે.

કૃષિ વિભાગના અગ્ર સચિવે આ વિગતો આપતા જણાવ્યું કે આ ખરીદી રાજ્ય નોડલ એજન્સીઓ મારફત કરવામાં આવે છે. એટલું જ નહીં ખરીદ થયેલી મગફળી કેન્દ્ર પરથી ગોડાઉન પર મોકલવા માટે ખેડૂતોને કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી. આ અંગેની સંપૂર્ણ વ્યવસ્થા ખરીદ સંસ્થાઓ દ્વારા જ કરવામાં આવે છે. રાજ્ય સરકાર ટેકાના ભાવે થતી આ ખરીદીનું રોજેરોજ મોનીટરીંગ પણ કરે છે. તેમણે રાજ્યના ધરતી પુત્રોને આ ટેકાના ભાવે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી ખરીદીનો વ્યાપક લાભ લેવા અપીલ કરી છે.

# અનામત દૂર કરવાની માંગ સાથે 'રાહુલ'ની દેશભરની પદયાત્રા

**ઉત્તરપ્રદેશના રાહુલ શર્મા હાથમાં ત્રિરંગા સાથે દેશભરની પદયાત્રાએ નિકળ્યા છે : અમરનાથ અને જગન્નાથપુરી જઈ આવ્યા પછી દ્વારકાધીશના દર્શન કરશે : ૨૧૬ દિવસની પદયાત્રા પછી ગાંધીનગર આવી પહોંચ્યા**

ગાંધીનગર, તા. ૨૩

'આપણા દેશમાં તમામ નિયમો સૌના માટે સરખા હોવા જોઈએ અને અનામતને દેશવટો આપી દેવો જોઈએ, દેશમાં અનામત માત્ર શહીદ સૈનિકોના પરિવારજનો અને અનાથ બાળકોને જ મળવી જોઈએ, બાકી બધા માટે યોગ્યતાને જ આધાર બનાવવો જોઈએ' આ શબ્દો છે ઉત્તરપ્રદેશના બદાંયુ જિલ્લાના નાનકડા પિવારી ગામના રાહુલ શર્માના જેઓ દેશમાંથી અનામત દૂર થાય અને શહીદ પરિવારોને યોગ્ય સન્માન મળે તે હેતુથી દેશભરમાં હાથમાં ત્રિરંગા સાથે પગપાળા



પદયાત્રા કરી રહ્યાં છે.

ઉત્તરપ્રદેશના પિવારી ગામથી તા. ૨૧મી મે-૨૦૧૭ના રોજ હાથમાં રાષ્ટ્રધ્વજ અને ખભે થેલો લટકાવી નિકળી પડેલા આ રાહુલ શર્મા નામના યુવાને પહેલા અમરનાથ ત્યાંથી જગન્નાથપુરીની યાત્રા કરી હવે રાજસ્થાનના રસ્તેથી ગુજરાતમાં પ્રવેશ કર્યો છે અને આજે સાંજે ગાંધીનગરમાં પ્રવેશ કર્યો હતો. ગાંધીનગર આવી પહોંચેલા રાહુલ શર્મા ગુજરાતના વિકાસ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી ખૂબ જ પ્રભાવિત છે. તેઓ અહીં વડાપ્રધાનના માતૃશ્રી હીરાબાને મળી તેમના આશિર્વાદ લેવા માંગે છે માટે તેઓ આજે અહી રોકાઈ રવિવારે પોલીસવડાને મળી હીરાબાની મુલાકાત લેવા માટે મંજૂરી માંગવાના છે.

રાહુલ શર્માએ તેમની પદયાત્રાના ૨૧૬ દિવસમાં ૨૪૨ પોલીસ સ્ટેશન વિસ્તાર પસાર કર્યા છે છતાં તેમની ઉર્જા અને તરવરાટ દાદ માંગી લે તેવો છે. આ યાત્રા દરમ્યાન તેમને માત્ર એક-બે વાર રાત્રે ભૂખ્યાં સઈ રહેવુ પડે તેવો પણ અનુભવ થયો હતો કારણ કે તેમની સમગ્ર યાત્રા દરમ્યાન રહેવા જમવાની સુવિધા જે તે વિસ્તારના નાગરિકોના દાન અને મદદ થકી જ પૂર્ણ થાય છે. તેઓ પોતે અનાથ છે અને માત્ર પ્રાથમિક શિક્ષણ મેળવ્યા પછી પોતાના ગામના મંદિરમાં સેવામાં જોડાઈ ગયા હતા પરંતુ એક તક્કે દેશમાં અનામત મામલે ઉભી થયેલી પરિસ્થિતિ તથા શહીદ સૈનિકો પ્રત્યેના માનને કારણે તેમણે આ પદયાત્રા કરવાનો નિશ્ચય કર્યો હતો. હજુ તેઓ દ્વારકા ખાતે દ્વારકાધીશના દર્શન કરી ત્યાંથી મુંબઈ હાજીઅલી દરગાહ અને ત્યારબાદ તિરૂપતિબાલાજીના દર્શન કરવા માંગે છે. ગુજરાતની ચૂંટણીઓમાં ગાજેલા પાટીદાર અનામતના માહોલમાં ગાંધીનગરના આંગણે આ નવા રાહુલની એન્ટ્રીએ નાગરિકોમાં કુતુહૂલ જન્માવ્યુ હતુ.

## હીરાબાના આશિર્વાદ લઈને જ આગળ વધીશ

રાહુલ શર્મા વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી ખૂબ પ્રભાવિત છે અને તેમના માતૃશ્રી હીરાબાના આશિર્વાદ લેવાની ખેવના રાખે છે. હીરાબાને મળવાનુ કારણ પુછતા તેમણે જણાવ્યું હતું કે 'તેમણે એક મહાન દિકરાને જન્મ આપ્યો છે જે આ દેશનુ સુકાન સંભાળવા સાથે અનેક યુવાનો માટે પ્રેરણારૂપ બન્યાં છે. 'રાહુલ શર્મા કહે છે કે નરેન્દ્ર મોદી પાસે દેશમાંથી અનામતના ભેદભાવને દૂર કરવાની કલ્પના છે, આથી ભલે એક મહિનો લાગે પણ જ્યાં સુધી હીરાબાના આશિર્વાદ નહી મળે ત્યાં સુધી અહીંથી આગળ નહી જાઉં.'

# વિશ્વકર્મા ભગવાન તેમજ રાંદલ માતાનો પાટોત્સવ યોજાશે

વિશ્વકર્મા ભગવાન તેમજ રાંદલમાતાના ભકતોને જણાવવાનું કે તા. ૨૯મી જાન્યુઆરીના રોજ દર વર્ષની જેમ વિશ્વકર્મા ભગવાન તેમજ રાંદલ માતાનો પાટોત્સવ ભવ્ય રીતે ઉજવનાર છે. જેમને યજમાન તરીકે બેસવું હોય તેમણે તા. ૫મી જાન્યુઆરી સુધીમાં નામ નોંધાવવા જણાવાયું છે. આ પ્રસંગ નિમિત્તે દાતાઓ પાસેથી દાન સ્વીકાર્ય છે તેમ પ્રમુખશ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરે જણાવેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
જાગો ગ્રાહક જાગો
ગ્રાહક જાગૃતિ અભિયાન
"રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન"
૨૪મી ડિસેમ્બર ૨૦૧૭
"ગ્રાહક સુરક્ષામાં ડિજીટલ માર્કેટના ઉદ્‌ભવતા પ્રશ્નો અને પડકારો"
ગ્રાહકના અધિકારો
✓ સલામતીનો
✓ માહિતી મેળવવાનો
✓ પસંદગીનો
✓ ફરિયાદ કરવાનો
✓ વળતર મેળવવાનો
✓ શિક્ષણ મેળવવાનો
ગ્રાહકોની ફરજો
- ખોરાકની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવી તે ગુનો બને છે
- બિલ-રસીદ લેવાનો આગ્રહ રાખો
- વજન-માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને ખરીદો
- એગમાર્ક, એફપીઓ અને એચએસીસીપી માર્કાવાળા ખાદ્યપદાર્થો ખરીદવાનો આગ્રહ રાખવો
- હોલમાર્કવાળા આભૂષણો/ઝવેરાત/દાગીના ખરીદવાનો આગ્રહ રાખવો
- આપના સંબંધિત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરો
- ખરીદીમાં છેતરપિંડી થઈ હોય, અપૂરતી સેવા મળી હોય તો, માન્ય ગ્રાહક મંડળો અથવા જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી (કલેકટર કચેરી) ના અથવા મદદનીશ નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અથવા તાલુકામાં મામલતદારશ્રી અથવા નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક બીજો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગરનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવો. ફોનઃ ૦૭૯ ૨૩૨૧૦૦૧૫
આ સમય છે..... ગ્રાહક જાગૃતિ કેળવવાનો
અધિકારો અંગે સજાગ બનો અને ઉપાયોનો લાભ લો
અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ (ટોલ ફ્રી)